

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*છે કાયદાઓથી કેદ બેન્કો, છતાં ફાવે છે ક્યાંથી?*
*મિલીભગતનો આ વાછડો છતાં ધાવે છે કયાંથી?*
*આ નેતાઓ અને બિલ્ડરો, નાણાં લાવે છે ક્યાંથી?*
*થાય કરોડોની હેરફેર, નાણાં આવે છે કયાંથી?*
*('સુપ્રીમ'નો પ્રશ્ન)*

હાઈકુ

*માન્ય કરી ધો!*
*નક્કી તારીખ સુધી,*
*'નકલી' પણ...*
*(છાપી ન શકો તો...)*

*હતા 'વિજય' -*
*નશામાં ચકચૂર -*
*હવે ઉતર્યો ?!*
*(દારૂબંધીમાં કડકાઈ)*

### ચિંતન

**પરહિત સરિસ ધર્મ નહીં ભાઈ, પર પીડા સમ નહીં અધમાઈ ॥**

ઉપરોક્ત ચૌપાઈ ઉત્તરકાંડમાંથી લેવામાં આવે છે.

બીજાની ભલાઈ કરવા સમાન કોઈ ધર્મ નથી. બીજાને દુઃખ આપવા સમાન કોઈ નીચતા (પાપ) નથી.

રામચરિત માનસમાં તુલસીદાસજી એ પગલે પગલે ઉત્તમ વિચારનાં મોતી પાથર્યા છે અને વાત-વાતમાં સરળતાથી સમજાય એ રીતે ધર્મ અને ફરજની ચોપાઈઓ આપી છે.

બીજાનું હિત - ભલાઈ - કરવામાં જ સાચો ધર્મ છે. કોઈની પીડામાં - આપત્તિમાં મદદરૂપ થવું અને જરૂરિયાત-મંદ લોકોને આર્થિક-સામાજિક મદદ કરવી એ જ સાચો ધર્મ છે.

કપટી-લુચ્ચા-ચોર-લૂંટારા-ઠગ બીજાનું ધન હરી લઈ લોકોને ત્રાસ આપે છે. પરિવારમાં સજ્જનોને આવાં લોકો પોતાનાં 'સ્વભાવ' અને વ્યવહારથી ત્રાસ આપે છે એના જોવો બીજો કોઈ અધર્મ નથી.

### સુવિચાર

- દુનિયા મે આદમી કો મુસીબત કહાં નહીં, વો કૌન સી ઝમીં હૈ જહાં આસમાં નહીં - **દાગ દહેલવી**
- જાગ જાગ માનવ જાગ, ભૌતિક ભાવોથી ભાગ, નિજ કામમાં લાગ,
  તો પલ્લવિત બનશે જીવન બાગ - **ધૂમકેતુ**
- સદાચારને અનુસરવું એ પર્વત ચડવા જેવું છે. પાપને અનુસરવું એ ઢાળ ઉતરવા જેવું છે - **શેખ શાદી**
- ચારિત્ર્ય એટલે સારી ઈચ્છાઓનો વિકાસ પામેલો સમૂહ - **ટાગોર**
- અહંકાર અને સ્વાર્થને છોડ્યા વિના સારૂં કામ થઈ શકતું નથી - **રામતીર્થ**
- અભિમાને ફરિશ્તાઓને શેતાન બનાવી દીધા,
  જયારે નમ્રતાએ ઈન્સાનને ફરિશ્તા બનાવી દીધા - **ઓગસ્ટાઈન**
- નક્ષત્રનું આભૂષણ ચંદ્ર છે નારીનું આભૂષણ તેનો પતિ છે. પૃથ્વીનું આભૂષણ રાજા છે,
  જયારે વિદ્યા સર્વનું આભૂષણ છે - **સુભાષિત**
- આજનું ઔષધ : મચ્છરનાં ડંખ પર ખંજવાળ આવે તો સાબુવાળુ પાણી લગાવવાથી રાહત થાય છે.

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

ભલે આપણે આપણી જાતને શિક્ષિત ગણતા - ગણાવતા હોઈએ પણ આપણા વર્તનમાં વિવેક કે બોલવામાં વિનય રાખતાં ચૂકી જઈએ છીએ. બોલવાની - જવાબ આપવાની રીત વડીલોને કે સામેવાળાને ઠેંસ પહોંચે એવી હોય તે તદ્દન યોગ્ય નથી.

દા.ત. આપણે કોઈ અંતર રાજય સંબંધીને ત્યાં મળવા ગયા હોઈએ અને એમણે એમના પ્રદેશની વિશિષ્ટ વાનગી 'ચખાડવા'ની રીતે આપી ત્યારે ખાઈને વખાણ કરવા તો બાજુએ રહ્યા પણ થૂ - થૂ કરી - 'મારું તો મોઢું બગડી ગયું' એમ કહેવાથી સામેની વ્યક્તિને દુઃખ થાય છે.

જય વસાવડા (વક્તા - કટાર લેખકે) વિમાન પ્રવાસના એક વિદેશીને પોતે ખાતા હતા એ 'ઢેબરાં'ની ઓફર કરી - એક ટૂકડો વિદેશીએ મોઢાંમાં મૂક્યો તીખો લાગ્યો - ન ભાવ્યો એવું સ્પષ્ટ તેની ચહેરાની રેખાઓ બોલી ઊઠી છતાં એણે જવાબમાં તો એમ જ કહ્યું -

'આનો સ્વાદ કંઈક અલગ અને વિશિષ્ટ જ છે.' જવાબ આપવાની ચતુરાઈ અને વિનય-વિવેક આપણને ઘણું બધું શીખવી જાય છે.

# જમ્મુ-કાશ્મીર મુદ્દે કઠોર અનુસાશન જરૂરી

**તંત્રીસ્થાનેથી...**

નોટબંધી માટેનું એક કારણ આતંકવાદીઓ દ્વારા ચલાવતી નકરી કરંસી હોવાનું જણાવતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હમણાં જ દાવો કર્યો હતો કે નોટબંધી થવાની આતંકવાદી હુમલા બંધ થઈ ગયા છે. આતંકવાદીઓ એમના દાવાને પડકારતા હોય એમ ગણતરીના કલાકોમાં જમ્મુ-કાશ્મીરના પંપોર વિસ્તારમાં સેનાના કાફલા પર ઘાતક હુમલો કરી આપણા નવલોહિયા જવાનોને શહિદ કર્યા છે. સેનાને વળતી કાર્યવાહી કરવાની તક સુધ્ધાં ન રહી કારણ કે એમ કરવા જતાં નાગરિક વસતિને નુકશાન થવાની સંભાવના હતી. જમ્મુ અને કાશ્મીરનો પ્રશ્ન યુદ્ધથી પણ ઊકલી શકે કેમ તે પ્રશ્ન છે. યુદ્ધમાં વિજેતા ભીરતીય સોનાને છેક લાહોર અને થરપાકર પર ત્રિરંગો ફરકાવી દીધો હતો તે કોણ નથી જાણતું ? પરંતુ મંત્રણાના ટેબલ પર આંતરરાષ્ટ્રીય પરિબળોની હાજરીમાં જીતેલા વિસ્તારો પાકિસ્તાનને અભરામ નંદાવે પરત કરવા પડ્યા હતા. એથી આ પેચીદા મામલે ફક્ત જમ્મુ અને કાશ્મીરના ભારત હસ્તકના વિસ્તારને સમજણપૂર્વક, લોકમત કેળવી ભારતનાં અન્ય રાજયોની સમકક્ષ લાવી દેવા સિવાય ભાગ્યે જ બીજો કોઈ ઉપાય કારગત નીવડે શકે એમ છે. હાલ તો જમ્મુ અને કાશ્મીર પાસે ૩૭૦ મી કલમ હેઠલ વિશેષ દરજ્જો છે, એનું પોતાનું બંધારણ અને ધ્વજ સુધ્ધાં છે. પરંતુ આવો વિશેષ દરજ્જો જ એને અલગ ઓળખ અને ભારતીય સંઘની નોખું તારવી દેશની મુશ્કેલીઓ વધારનારો સાબિત થયો છે. આઝાદી વખતે દેશી રજવાડાંને આપવામાં આવેલ વર્ષાસન (પ્રિવી - પર્સ) બંધ કરવાનો નિર્ણય દેશની પ્રજાને વધાવી લીધેલો, તે જ રીતે જમ્મુ-કાશ્મીરના અલગ દરજ્જાને રદ કરવામાં આવે તો પણ દેશની પ્રજા રાજી જ થવાની છે. જે 'શેરે કશ્મીર' શેખ અબ્દુલ્લાએ આવી શરતો સાથે ભારતીય સંઘ સાથે જમ્મુ-કાશ્મીરના જોડાણની દરખાસ્ત પર મહોર મરાવી હતી એમના વારસદારો પણ હવે આખું રાજય જાણે એમની બાપીકી મિલકત હોય એવી વાતો કરતાં થઈ ગયા છે. ડૉ. ફારુક અબ્દુલ્લાનું થોડા વખત પહેલાંનું નિવેદન આ પ્રશ્નને વિશેષ ગૂંચવનારું છે. ભારતીય જનતા પાર્ટીએ કાશ્મીરના વિશેષ દરજ્જાને માન્ય ઠેરવતી કલમ ૩૭૦ નાબૂદ કરવાના મુદ્દે વર્ષો સુધી હોબાળો મચાવ્યા પછી એ કલમને જમ્મુ-કાશ્મીરની જીવનરેખા માનનારાં અને અલગતાવાદીઓ પ્રત્યે કૂણું વલણ ધરાવતાં પીડીપીનાં નેતા મહેબૂબા મુફ્તીનું નેતૃત્વ સ્વીકારી લીધું છે, એટલું જ નહીં, એમની સાથે સત્તામાં ભાગીદારી સુધ્ધાં કરી લીધી છે. ત્યારે સુપ્રીમ કોર્ટ કાશ્મીર મુદ્દે જમ્મુ-કાશ્મીર હાઈકોર્ટના નકારાત્મક વલણને ફગાવી દઈ જમ્મુ-કાશ્મીરને ભારતનું અભિન્ન અંગ ગણાવી દેશનું બંધારણ અને પુરેપૂરું લાગું પડતું હોવાનો સધિયારો આપી સંસદની દ્વારા પસાર થનાર દરેક કાયદો જમ્મુ અને કાશ્મીરને પણ લાગુ પડશે, અર્થાત્ ભવિષ્યમાં જો ૩૭૦ મી કલમ રદ કરવાનો ખરડો પણ સંસદમાં પસાર થશે તો તેને જમ્મુ-કાશ્મીરે માન્ય ગણવો પડશે. એનું અલગ બંધારણ હોવાની દલીલ ત્યારે કામ નહીં લાગે. રાજયનું બંધારણ એ દેશના બંધારણની ઉપરવટ ન જ હોઈ શકે. સુપ્રીમ કોર્ટનું આ તારણ ભારતીય જનતા પાર્ટીની સુવાંગ બહુમતીવાળી મોદી સરકાર માટે ભારે આશ્વાસનપ્રેરક છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એમની સાહસિક પ્રવૃત્તિનો પરચો જમ્મુ અને કાશ્મીર મુદ્દ પણ બતાવી દેવાની જરૂર છે. એક એવું રાજય, જેની પાછળ દેશની મોટા ભાગની પ્રજાનાં નાણાં સતત વેડફાતાં અને વપરાતાં રહ્યાં છે. એને પોતાની મરજી મુજબના વિશેષ અધિકારો ભોગવવા દેવામાં તો વળી કયું ડહાપણ છે?

# જન પ્રતિનિધિ કાયદાની કલમ ૧૨૩(૩) મુજબ ધર્મને રાજનીતિ સાથે જોડી શકાય નહિ

**ઉમેદવારની શૈક્ષણિક લાયકાત જાણવી એ મતદારોનો મૌલીક અધિકાર છે : સુપ્રિમ કોર્ટ**



## કાયદો અને કાનૂન

અશ્વિન ત્રિવેદી

રાજયની કોઈપણ ચૂંટણી ચાહે તાલુકા પંચાયલ, જીલ્લા પંચાયત, નગરપાલિકા, મહાનગરપાલિકા, વિધાનસભા કે લોકસભાની ચૂંટણીના ઉમેદવારની શૈક્ષણિક લાયકાત જાણવી એ મતદારોનો મૌલિક અધિકાર છે તેમજ ધર્મને રાજનીતિથી ચૂંટણીમાં દૂર રાખવો જોઈએ.

સુપ્રિમના સાત જજોની પીઠ જન પ્રતિનિધિત્વ કાનૂનની કલમ ૧૨૩(૩)ની વ્યાખ્યા કરતા જણાવ્યું છે કે ધર્મને રાજનીતિથી દૂર રાખવો જોઈએ ઉમેદવારનો ધર્મ નક્કી હોય છે પરંતુ તેમને ધર્મના નામે વોટ માંગવાનો અધિકાર બંધારણીય રીતે નથી કારણ કે તે ઉમેદવાર દરેક ધર્મની વ્યક્તિનો, જનતાનો જન પ્રતિનિધિ છે કોઈ એક ધર્મનો નહિ.

ધર્મ શબ્દની વ્યાખ્યામાં ચૂંટણીમાં ઉમેદવાર તથા પ્રતિ ઉમેદવારનો ધર્મ જ આવે છે જેમાં મતદાતાનો ધર્મ પણ સામેલ ગણાશે. ભારત દેશએ ધર્મ નિષ્પેક્ષ દેશ છે જેમાં ધર્મ આધારીત રાજયની વાત થઈ શકે નહિ. રાજનીતિને ધર્મ સાથે જોડી દીધેલ છે તેમજ ધર્મમાં પણ રાજનીતિ હોવી જોઈએ નહિ.

અભિવ્યક્તિની આઝાદીના નામે ચૂંટણી ભાષણમાં કે ઢંઢેરામાં કોઈ એક ધર્મનો પ્રચાર પ્રસારથી મતદાતાઓને આકર્ષી શકાય નહિ અભિવ્યક્તિની આઝાદીના નામે ચૂંટણી કાયદામાં ધર્મ મતલબ તેનો ધર્મ એ શબ્દમાં ઉમેદવાર તથા પ્રતિ ઉમેદવાર તેમજ મતદાતાઓનો ધર્મએ ત્રણેય ચૂંટણીમાં માત્ર ઉમેદવારનો જ ધર્મ જોવામાં નહિ આવે ધર્મના આધારે મત માંગવોએ ભ્રષ્ટ્ર રીતે માંગ્યા બરાબર જ ગણાશે અને ચૂંટણી આચાર સંહિતાનો ભંગ જ ગણાશે.

માત્ર અલ્પ સંખ્યકોના ઉત્થાન માટે જ કાર્મ કરતા રાજકિય દળોને માન્યતા ના આપી શકાય. શિરોમણી અકાળીદળ, ઈન્ડીયન યુનિયન મુસ્લીમ લીગ, ડેમોક્રેટીક પાર્ટીઓ માત્ર કોઈ એક ધર્મના જ ઉત્થાન માટે રજીસ્ટર કરાવી ઉમેદવારો ઉભા કરી જાતી કે ધર્મના નામે વોટ માંગી શકે નહિ તેમ છતાં આવી જાતી અને ધર્મ આધારીત રાજકિય પાર્ટીઓ બિન સાંપ્રદાયીક દેશમાં દરેક જાતી ધર્મ અને ભાષાને સરખુ પ્રતિનિધિત્વ અને હક્કો આપ્યા હોવા છતાં અસ્તીત્વમાં છે તે ધર્મ નિષ્પેક્ષ રાજય માટે ખતરારૂપ છે તેમ સુપ્રિમ કોર્ટે પોતાનો મત આપેલ છે અને જન પ્રતિનિધિત્વ કાનૂનની કલમ ૧૨૩(૩) ના ભંગ સમાન ગણાવેલ છે.

બીજા મહત્વના ચુકાદામાં સુપ્રિમ કોર્ટે ઉમેદવારની લાયકાતની બાબતમાં જણાવ્યું છે કે દરેક મતદાતાનો મૌલિક અધિકાર છે. અશિક્ષિત ઉમેદવાર કેવી રીતે રાજયના કામકાજમાં પોતાની ક્ષમતા કેવી રીતે બતાવી શકે? તથા યોજનાઓનો અમલ જન સમુદાય સુધી કેવી રીતે ફેલાવી શકે? તે મહત્વનો પ્રશ્ન છે.

તાજેતરમાં ગત વિધાનસભા તથા લોકસભાની ચૂંટણીમાં જીતેલા ઘણા ઉમેદવાોની શૈક્ષણિક લાયકાત ખોટી સાબીત કરવા માટે પ્રતિસ્પર્ધી ઉમેદવાર તથા પાર્ટીએ હાઈકોર્ટથી લઈ સુપ્રિમ કોર્ટ સુધી પીટીશન ફાઈલ કરતા દિલ્હી હાઈકોર્ટે આપના ઉમેદવારની શૈક્ષણિક લાયકાત ખોટી હોવાની સાબીત થતા ગેરલાયક ઠેરવ્યા છે. ઉમેદવારી પત્રક ફોર્મના નિયમ-૨૬ મુજબ જણાવેલ શૈક્ષણિક લાયકાત ગેરલાયક ઠરેલ હોવાનું સાબીત થતા જ ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવે છે અને ખોટી શૈક્ષણિક લાયકાત કે અન્ય વિગતો છુપાવી ખોટી દર્શાવી તે લગત સોગંદનામું કર્યુ હોય અને જીત્યા બાદ પણ પાછળથી ખોટી વિગતો હોવાનું સાબીત થાય તો ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે કોઈપણ જાહેરાત ખોટી સાબીત થતા ઉમેદવારી પત્ર જ રદબાતલ ગણાય.

મીલ્કત તથા પુત્ર, પુત્રી કે કુટુંબની વિગતો છુપાવી માન્ય લાયકાતોની બહારના ઉમેદવારે ખોટી વિગત જણાવી ઉમેદવારી પત્ર ભરેલ હોય અને પ્રતિસ્પર્ધી ઉમેદવારને પાછળથી જાણ થતા તે લગત ચૂંટણી અધિકારીને વાંધો રજુ કરે અને સાબીત થાય તો ઉમેદવારી ગેરલાયક

અનુસંધાન પાના નં. ૭ પર

# પ્રેમ એમ જ કોઈથી થઈ ન જાય... એના માટે તો જાતને ઓગાળીને કોઈને સમર્પિત થવાની ભાવના જોઈએ!



## WhatsApp ઑફ ધી વીક

નેહલ ગઢવી

અમે બંને જુદા જુદા ઓરડાઓમાં રહીએ છીએ.
અમે બંને જુદા જુદા સ્થળોએ વેકેશન ગાળીએ છીએ.
અમે બંને જુદા જુદા રેસ્ટોરાંમાં ભોજન લેવા જઈએ છીએ.
બોલો ! અમે અમારું લગ્નજીવન બચાવવા માટે
આનાથી વધારે બીજું શું કરી શકીએ ?

- રોડની ડેન્જરફિલ્ડ

આજકાલ દરેક સંબંધોમાં 'સ્પેસ' આપવાનું મહત્ત્વ ખૂબ વધી ગયું છે. થોડા-ઘણાં અંશે સંબંધોમાં સ્વાતંત્ર્ય આપવું જરૂરી પણ છે. પણ આ 'સ્પસ' એટલે કે 'અવકાશ' (distance) એટલે કે 'અંતર' બની ન જાય તે જોવાનું રહે ! આજકાલ teenagres ને પણ મા-બાપ પાસેથી થોડી પ્રાઈવેટ; પર્સનલ સ્પેસ જોઈતી હોય છે. પહેલાનાં સમયમાં આવક ઓછી, પરિવાર મોટો અને ઘર પણ નાના હોવાને કારણે બાળકને મા-બાપ કે અન્ય (siblings) ભાઈ-ભાંડુથી કોઈ અલગ પર્સનલ સ્પેસ ન મળતી. જયારે આજે મહેલ જેવડા આલિશાન મકાનોમાં એકમાત્ર બાળક એકલું જ રહેતું હોવાથી અન્ય કોઈની હાજરી તેને એકાંત ભંગની પ્રતીતિ કરાવે છે. પોતાની દરેક વસ્તુઓને લઈને તે બાળક વધુ પ્રોટેક્ટીવ અને પઝેસીવ હોય છે. તે જ રીતે પતિ-પત્ની પણ એકબીજા સાથે ભાગ્યે જ અંગત સમય માણી શકતા કારણ કે ઘરમાં વડીલોની હાજરી, બાળકોની જવાબદારી એ તમામ પરિબળોને કારણે એકબીજા સાથે પર્સનલ સમય ગાળવો મુશ્કેલ ગણાતું. જયારે હવે લગ્ન પહેલાથી શરૂ કરીને લગ્ન બાદ અને બાળકો આવે ત્યાર બાદ પણ પતિ-પત્ની સતત એકબીજાની જોડે જ હોય છે. તેમના વચ્ચે શરૂઆતમાં જે રોમાન્સનો ચાર્મ હોય એ ધીરે-ધીરે ઓછો થત્તો અનુભવાય છે. પતિને પત્નીથી અને પત્નીને પતિથી પ્રાઈવસી અને સ્પેસ માંગવી પડે એવી પરિસ્થિતિ સર્જાય છે.

આપણે હંમેશા અનુભવ્યું છે કે રાતોરાત કોઈ વસ્તુ કે પરિસ્થિતિ અથવા સંબંધ ગૂંચવાડાભર્યા નથી થતા. વર્ષોનો સમય વિતતો જાય અને સંબંધને લાગણીરૂપી હૂંફ ન મળી હોય ત્યારે તેમાંથી પ્રાણ ઊડી જાય છે. એક કૂમળો છોડ પણ ખાતર અને પાણી રૂપે સમય અને કાળજી માંગે છે અને જો આપણે એ બંધ કરી દઈએ તો છોડ મૂર્ઝાઈ જાય છે. તે જ પ્રમાણે શરીરમાં અનુભવાતા નાના-મોટા ફેરફારોને આપણે અવગણીએ ત્યારે શરીર એક દિવસ અચાનક જ બળવો પોકારી ઊઠે છે. મા-બાપ બાળકના જન્મથી માંડીને શાળાએ જતું થાય ત્યાં સુધી એની પૂરતી કાળજી રાખે છે અને ત્યારબાદ ધીરે-ધીરે બાળકને સમય આપવાનું ઓછું કરીને lifeની અન્ય પ્રાયોરીટીઝને અગ્રીમ સ્થાન આપે છે. જેમ કે, Career નવું ઘર ખરીદવું, તો કયારેક ઘરમાં બીજા બાળકનુ આગમન. આ તમામ સંજોગોમાં પહેલા બાળક પ્રત્યેનું ધ્યાન થોડું વહેંચાઈ જાય ને તરત એ બાબતનો ખ્યાલ બાળકને કે માતા-પિતાને નથી રહેતો પણ આ બાબત નાના બાળકના મગજ પણ ઘણી ઊંડી અસર કરે છે. આજે તમે કોઈ સંબંધને મહત્ત્વ ન આપીને અન્ય જરૂરી કાર્યોમાં વ્યસ્ત બની જાઓ ત્યારે વર્ષો પછી એ ખોવાયેલા સંબંધને ફરીથી ફંફોસવામાં પહેલાં કરતાં બમણો કે ત્રણ ગણો સમય આપી દેવા છતાં સંબંધ એકવાર ફરીથી પહેલા જેવો થઈ શકતો નથી.

બાળકો અને મા-બાપ વચ્ચેનો સંબંધ ખૂબ નાજુક સંબંધ હોય છે. દરેક બાળક એકસરખું હોંશિયાર, પ્રેક્ટિકલ કે સ્માર્ટ હોઈ શકે નહિ. ઘણાં ઘરોમાં બે બાળકોમાંના એક બાળકને આપણે બધી રીતે અગ્રેસર, સફળ અને પ્રતિષ્ઠિત હોય તેવું જોયું છે. એ જ સમયે તે જ ઘરમાં રહેતું બીજું બાળક ઉપેક્ષિત, અસુરક્ષિત અને થોડું વધુ લાગણીશીલ હોય છે. સફળ બાળકના પ્રમાણમાં આ બાળકમાં વધુ ક્ષમતા હોવા છતાં એ એક ડગલું પાછળ હોય તેવું અનુભવ્યા કરે છે. જાણે-અજાણ્યે આ બાબતના મૂળમાં ઘરમાં જ થતી હરિફાઈ કે મા-બાપ પ્રત્યેની થોડી વધુ પડતી લાગણી હોવાને કારણે અન્ય ભાઈ-બહેન સાથે તે ન વહેંચી શકવાની વ્યથા જ કારણભૂત હોય છે. મા-બાપની પણ પોતાની અન્ય જવાબદારીઓ હોવાને કારણે તેઓ જાણે-અજાણ્યે આ વધુ સંવેદનશીલ બાળકને અન્યાય કરી બેસે છે. દરેક વ્યક્તિ એકસરખી લાગણીશીલ ન પણ હોય માટે એ જ બાબત એક બાળકને જેટલી વધુ અસર કરે તેટલી બીજાને ન પણ કરે.

આપણે હંમેશા આપણી પાસે જે કિંમતી સંબંધ હોય અને નસીબજોગે મળ્યું હોય તેની કદર જયારે એ દૂર જતો કે છીનવાઈ જતો અનુભવીએ ત્યારે જ કરીએ છીએ. અને ઘણીવાર આપણને એ સમજવામાં એટલું મોડું થઈ જતું હોય છે કે તે સંબંધ જીવનભર માટે આપણાથી છીનવાઈ જાય છે. કોઈ પણ સંબંધમાં ખટપટ કે અણબનાવ રાતોરાત વધી જતો નથી પણ ધીમે ધીમે તેમાં વધી રહેલું અંતર એક ઊંડી ખાઈ બનીને કયારેય પાર ન કરી શકાય એટલું વધી જાય છે. આ જ બાબત શરીર પ્રત્યેની ઉપેક્ષાને પણ લાગુ પડે છે. યુવાન વયમાં કે સુંદર સુડોળ કાયા હોય ત્યારે તેનું યોગ્ય જતન ન કરીને આપણે ઘણી મોટી બિમારીનો ભોગ બન્યા બાદ સ્વાસ્થ્ય અંગે જાગૃત બનીએ છીએ. જેનો કોઈ અર્થ રહેતો નથી. ઈશ્વરે રચેલી આ સુંદર સૃષ્ટિને આપણા સુંદર શરીરથી માણીએ છીએ અને ઈશ્વરે - બક્ષેલા અમૂલ્ય જીવનને અવનવા સંબંધોથી વિકસાવીએ છીએ. તો એમાં યોગ્ય કાળજી, યોગ્ય સમય, યોગ્ય ખાતર-પાણી નાખીને આ સંબંધક્યારી ને સદાય મહેકતી રાખીએ. વર્ષ ૨૦૧૬ના માત્ર થોડા દિવસો બાકી રહ્યા છે ત્યારે કોઈ અંગત સંબંધ સમયના અભાવે કે કાળજીની ખોટના કારણે કયાંક ખોવાઈ ગયો હોય તો આજે જ એને પાછો મેળવવાની કોશિશમાં જોડાઈ જાવ. કયાંક બહુ મોડું ન થઈ જાય !

Last Sean :
પ્રેમ એમ જ કોઈથી થઈ ન જાય...
એના માટે તો
જાતને ઓગાળીને કોઈને સમર્પિત થવાની ભાવના જોઈએ!

- nehalgadhavi101@gmail.com

# તમિળનાડુમાં એક યુગ આથમ્યો, નવાની કશમકશ

- પ્રજાના દિલ પર બબ્બે દાયકા રાજ કરનાર કૌભાંડ-સમ્રાજ્ઞીનાં વણઉકલ્યાં રહસ્ય
- 'બુદ્ધિશાળી સુંદરી' (બ્યૂટી વિથ બ્રેઇન) એવાં જયલલિતાએ ઇન્દિરાજીને પ્રભાવિત કર્યાં હતાં
- અન્નાદ્રમુકમાં ભંગાણ પાડવામાં 'ચાણક્ય' મોદીની વ્યૂહરચનાની સફળતા ભણી સૌની મીટ
- સ્વામી એક જ પક્ષમાં સ્થિર રહ્યા નથી, દોસ્તોના દુશ્મન થવાનું તેમને કોઠે પડી ગયું છે

જયલલિતા જયરામનું વ્યક્તિત્વ જ એટલું મોહક હતું કે એ અભિનેત્રી અવગણનાઓ છતાં રાજકીય ક્ષેત્રમાં એવી તો પ્રસ્થાપિત થઈ ગઈ કે એની અવગણના કરવાનું મુશ્કેલ બની જાય. તમિળનાડુનાં આ મુખ્યમંત્રી બે મહિના કરતાં પણ વધુ સમય માટે ચેન્નાઈની એપોલો હોસ્પિટલના બિછાને હતાં અને પાંચ ડિસેમ્બર ૨૦૧૬ના રોજ એમના દેહત્યાગના સમાચાર આવ્યા. એ પછી એના આઘાતમાં 'અમ્મા'ના ૪૭૦ કરતાં વધુ ચાહકોના જાન ગયાની એમના પક્ષ અન્નાદ્રમુકે જાહેરાત કરી હતી. સંયોગ તો જુઓ કે જયાઅમ્માનું નિધન થયું અને તમિળનાડુ રાજકીયની સાથે જ કુદરતી વાવાઝોડામાં ય ફસાયું . દક્ષિણ ભારતીય ફિલ્મોની બાળઅભિનેત્રીમાંથી એમ.જી.આર. (રામચંદ્રન)ની હીટ જોડી તરીકેની અભિનેત્રી જ નહીં, નાયિકા ય બનેલી જયલલિતાને મુખ્યમંત્રી એમ.જી.આર. થકી પક્ષની પ્રચાર-મંત્રી અને રાજ્યસભાની સભ્ય નિયુક્ત કરાઈ હતી. ૨૪ ડિસેમ્બર, ૧૯૮૭ના રોજ એમજીઆરનું મૃત્યુ થયું ત્યારે એમના દેહને ચેન્નાઈસ્થિત રાજાજી હોલમાં જનદર્શનાર્થે રાખવામાં આવ્યો ત્યારે જયલલિતા ત્યાં અપેક્ષિત ગણાઈ નહોતી. અનેકવાર એમજીઆર સાથે લગ્નની તૈયારી કર્યા પછી એના ફિલ્મી હીરોમાંથી જીવનના હીરો બનવામાંથી ફસકી ગયેલા એમજીઆર પાછા જયલલિતા તેલુગુ ફિલ્મોના અભિનેતા શોભન બાબુ સાથે લગ્ન કરે એ પણ સહી શક્યા નહોતા.

એમજીઆર પ્રત્યે સમર્પણ ધરાવતી જયાનાં કપડાં ફાડી નંખાય એટલી હદે એને રાજાજી હોલમાં હડધૂત કરાઈ હતી. એ જ રાજાજી હોલમાં અંતિમદર્શને જ્યારે જયલલિતા પોઢ્યાં હતાં ત્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીથી લઈને રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી સહિત લાખો લોકો ઉમટ્યાં હતાં. જયાઅમ્માની પાદુકા રાખીને અનેક વાર શાસન કરતા રહેલા ઓ.પી. એટલે કે ઓ. પનીરસેલ્વમ અને એમના તમામ પ્રધાન સાથીઓને આગલી રાતે રાજભવનમાં અનુક્રમે મુખ્યમંત્રી અને મંત્રીપદના શપથ લેવડાવાયા હતા. આની પાછળ અમ્માની નિષ્ઠાવંત એવી 'છોટી અમ્મા' (ચિન્ના અમ્મા)નો દોરી સંચાર હતો.આ છોટી અમ્મા ૭૦ દિવસ એપોલો હોસ્પિટલમાં જયા અમ્માની સેવામાં રહેલાં સખી શશિકલા હતાં. અંતિમવિધિ સુધી એ છવાયેલાં રહ્યાં. હવે પક્ષની ધુરા એમની પાસે રહેવાનું પણ નક્કી થઈ ગયું છે.

તમિળનાડુમાં ક્યારેક કોંગ્રેસી પ્રભાવ જોરદાર હતો. સી. રાજગોપાલાચારી અને કે.કામરાજ એના અનેકવાર મુખ્યમંત્રી થયા અને રાષ્ટ્રીય રાજકારણમાં પણ એમનો પ્રભાવ હતો. સમયાંતરે દ્રવિડ ચળવળ એટલી પ્રભાવી બની કે ૧૯૬૭માં અન્નાદુરાઈ દ્રવિડ મુનેત્ર કળગમ (ડીએમકે)ના મુખ્યમંત્રી બન્યા ત્યાર પછી ગમે તેટલા ઉધામા માર્યા છતાં કોંગ્રેસ કે ભારતીય જનતા પક્ષ જેવા રાષ્ટ્રીય પક્ષોને તમિળ પ્રજાની સ્વીકૃતિ મળી નથી. હા, કેન્દ્રમાં સત્તામાં કોંગ્રેસ હોય કે બિન-કોંગ્રેસી સરકાર હોય; દ્રમુક કે તેમાંથી ભાગ પાડીને ૧૯૭૭માં મુખ્યમંત્રી બનેલા સુપરસ્ટાર એમ.જી. રામચંદ્રનનો પક્ષ અન્નાદ્રમુક હોય, આ બે પક્ષો સાથે દિલ્હીનું જોડાણ રહે છે. જરૂરી નથી કે એમાં સાતત્ય જળવાય. ઈમર્જન્સી લાદનાર કોંગ્રેસી વડા પ્રધાન ઈન્દિરા ગાંધી સામે તમિળનાડુના એ વેળાના દ્રમુક મુખ્યમંત્રી એમ. કરુણાનિધિએ બાથ ભીડી હતી.ઈમર્જન્સીના વિરોધને કારણે જ એમણે ખૂબ સહન કરવું પડ્યું હતું. ફરી બેઉ ભેગા થયા હતા.

જોકે સમય એવો પણ આવ્યો કે દ્રમુક અને કોંગ્રેસના મધુર સંબંધોમાં ફાચર મારવા માટે ૧૯૮૪માં તત્કાલીન મુખ્યમંત્રી એમજીઆરે જયાને રાજ્યસભાનાં સભ્ય નિયુક્ત કરીને એ વેળાનાં કોંગ્રેસી વડા પ્રધાન ઈન્દિરા ગાંધી સાથે પક્ષના સંબંધ જોડવાનું મિશન સોંપ્યું હતું. જયાએ કોંગ્રેસ અને દ્રમુકના સંબંધો તોડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. જયા અંગ્રેજી અને હિન્દી ખૂબ સારી રીતે બોલતાં હોવા ઉપરાંત પત્રકારશિરોમણિ ખુશવંત સિંહની દૃષ્ટિએ એ 'બુદ્ધિશાળી સુંદરી' (બ્યૂટી વિથ બ્રેઇન) એવાં જયલલિતાએ ઈન્દિરાજીને પ્રભાવિત કર્યાં હતાં. કમનસીબે ઈન્દિરાજીની હત્યા એ જ વર્ષે થઈ, પણ જયાઅમ્માએ રાજીવ ગાંધી વડા પ્રધાન થતાં એમની સાથે પણ સંબંધસેતુ જાળવ્યો. એમજીઆરના નિધન પછી એમનાં વિધવા જાનકીઅમ્માને પક્ષે અન્નાદ્રમુકના ૯૬ ધારાસભ્યો વિરુદ્ધ જયા અમ્માને પક્ષે માત્ર ૨૦ ધારાસભ્યો રહ્યા એટલે ૨૩ દિવસ માટે જાનકી અમ્મા મુખ્યમંત્રી રહ્યાં. એ પછી વડા પ્રધાન રાજીવ સાથેના સંબંધોએ અન્નાદ્રમુકના ભંગાણને સાંધી લેવાનું શક્ય બનાવીને પક્ષ પર જયા અમ્માએ વર્ચસ્વ મેળવ્યું એટલું નહીં, દ્રમુકને પણ પછાડ આપીને મુખ્યમંત્રી પણ બન્યાં. ક્યારેક જાનકી અમ્માના વિશ્વાસુ રહેલા પનીરસેલ્વમ જયાના થઈને રહ્યા.

તમિળનાડુની રાજનીતિમાં ફિલ્મની પટકથા લખનાર કરુણાનિધિ અને ફિલ્મોના સુપરસ્ટાર એમજીઆર વારાફરતાં મુખ્યમંત્રી બનતા રહ્યા. એમજીઆર બે વાર લાગલગાટ ચૂંટણી જીત્યાના અપવાદ સિવાય કોઈ સમયે વિધાનસભાની ચૂંટણી કોઈ સત્તાપક્ષ ફરી તૂર્તજ જીત્યો નથી. મે ૨૦૧૬ની વિધાનસભા ચૂંટણીમાં દ્રમુક જ બહુમતી મેળવશે એ આશાએ કરુણાનિધિ પોતાના રાજકીય વારસ તરીકે પુત્ર એમ. કે. સ્ટાલિનને સ્થાપિત કરવાનાં સમણાં જોતા હતા, પણ એ સમણું સાકાર ના જ થયું. જયા અમ્માનો અન્નાદ્રમુક ૨૩૪ની વિધાનસભામાં ૧૩૫ બેઠકો મેળવીને ફરી સત્તામાં આવ્યો. દ્રમુકને માત્ર ૮૯ બેઠકો મળી.કોંગ્રેસ પક્ષ ૮ બેઠકોમાં સીમિત થઈ ગયો. મુસ્લિમ લીગને માત્ર એક બેઠક મળી. લોકસભાની મે ૨૦૧૪ની ચૂંટણીમાં જયા અમ્માના પક્ષ સાથે જોડાણ કરવાના નરેન્દ્ર મોદી આણિ મંડળીએ ભારે ઉધામા માર્યા છતાં અમ્માએ દાદ દીધી નહીં. લોકસભાની ૩૯ બેઠકોમાંથી ૩૭ બેઠકો મેળવીને જયા અમ્માએ વટ પાડ્યો. પીએમકેને એક અને ભાજપને એક જ બેઠક મળી, પણ વિધાનસભાની ચૂંટણી પછી ચેન્નાઈના ફોર્ટ સેન્ટ જ્યોર્જ પર શાસન કરવાનાં સ્વપ્નાં નિહાળનાર ભાજપ અને મિત્ર પક્ષોને એકેય બેઠક ના મળી !

ભાજપના સાંસદ ડો. સુબ્રમણિયન સ્વામીએ અમ્મા અને એમનાં અંગત સખી શશિકલા સહિતનાઓ સામે રૂપિયા ૭૭ કરોડના ભ્રષ્ટ-સંપત્તિનો ખટલો દાખલ કર્યો હતો. એ ખટલાની બેંગલોર કોર્ટમાં સુનાવણીને પગલે બેંગલોરની જેલમાં ૨૮ દિવસ રહેનાર જયા અમ્મા અને શશિકલાએ મુખ્યમંત્રી પદ પનીરસેલ્વમને આપવું પડ્યું હતું. આ પહેલાં પણ દ્રમુક સરકારે દાખલ કરેલા ખટલાઓ સંદર્ભે એમણે ૧૯૯૬-૯૭ દરમિયાન જેલમાં રહેવું પડ્યું હતું. એ વેળા ૨૭ દિવસ જેલમાં હતાં. એમને એ કોઠે પડી ગયું હતું. ડો. સ્વામીએ અગાઉ જયા અમ્મા સાથે

અનુસંધાન પાના નં. ૭ પર